## અગ્રતા – ૧

**પ્રશ્ન–૧ : અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરજ ઉભા થયેલ છે ?**

**અને**

**મારો બીજો પ્રશ્ન છે કે,**

**કેટલી સહાય ચુકવવામાં આવી છે ?**

**જવાબ :**

**માન. અધ્યક્ષશ્રી**

○ બાગાયતી પાકો કાપણી કર્યા બાદ ઝડપથી બગડી જતી જણસો હોઈ બાગાયતી ખેતી કરતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત સારી ફળ અને શાકભાજી મળે તે હેતુસર આવી જણસોને કોલ્ડ સ્ટૉરેજમાં લાંબા સમય સુધી સંગ્રહ કરવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

○ રાજ્યમાં બટાટાનું ઉત્પાદન ફેબ્રુઆરી – માર્ચ મહિનામાં થાય છે. જે માલ કોલ્ડ સ્ટૉરેજમાં મુકવાથી એક સાથે બજારમાં આવતો નથી જેથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે છે, અને સામાન્ય જનતાને આખા વર્ષ દરમ્યાન વ્યાજબી ભાવે બટાટા મળી રહે છે.

**માન. અધ્યક્ષશ્રી**

○ આમ, રાજ્યમાં કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા માટે સરકારશ્રીના બાગાયત ખાતા તરફથી કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં ૬૦:૪૦ ના

ધોરણે નેશનલ હોર્ટીકલ્ચર મિશન હેઠળ સહાય આપવામાં આવી રહી છે.

○ ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન માટે સામાન્ય વિસ્તારમાં ૧૫ % અને આદિજાતિ વિસ્તારમાં ૨૫ % પુરક સહાયની વિશેષ જોગવાઇ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બન્ને પ્રશ્નના જવાબમાં જીલ્લાવાર જણાવુ તો,**

**અરવલ્લી** જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન બાગાયતી પાકોના સંગ્રહ માટે તાલુકાવાર બનાવવામાં આવેલ ખાનગી કોલ્ડ સ્ટૉરેજ અને તેને ચુકવેલ સહાયની વિગતો આપું તો,

| **ક્રમ** | **તાલુકા** | **સંખ્યા** | **કુલ ચુકવેલ સહાય** |
|---|---|---|---|
| ૧ | ધનસુરા | ૩ | ૬ કરોડ |
| ૨ | બાયડ | ૨ | ૪ કરોડ |
| ૩ | મોડાસા | ૫ | ૯ કરોડ ૯૯ લાખ ૬૦ હજાર |
| ૪ | માલપુર | ૦ | ૦ |
| ૫ | મેઘરજ | ૦ | ૦ |
| ૬ | ભીલોડા | ૦ | ૦ |
| **કુલ** | | **૧૦** | **૧૯ કરોડ ૯૯ લાખ ૬૦ હજાર** |

આમ, **અરવલ્લી** જિલ્લામાં કુલ **૧૦** ખાનગી કોલ્ડ સ્ટૉરેજ બાગાયત ખાતાની સહાયથી ઉભા થયેલ છે. તથા **કુલ રૂપિયા ૧૯ કરોડ ૯૯ લાખ ૬૦ હજાર ની સહાય** ચુકવવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

- **સાબરકાંઠા** જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન બાગાયતી પાકોના સંગ્રહ માટે તાલુકાવાર બનાવવામાં આવેલ ખાનગી કોલ્ડ સ્ટૉરેજ અને તેને ચુકવેલ સહાયની વિગતો આપું તો,

| **ક્રમ** | **તાલુકા** | **સંખ્યા** | **કુલ ચુકવેલ સહાય** |
|---|---|---|---|
| ૧ | ઈડર | ૫ | ૧૦ કરોડ |
| ૨ | તલોદ | ૩ | ૬ કરોડ |
| ૩ | પ્રાંતિજ | ૧ | ૨ કરોડ |
| ૪ | હિંમતનગર | ૩ | ૬ કરોડ |
| ૫ | ખેડબ્રમ્હા | ૦ | ૦ |
| ૬ | વિજયનગર | ૦ | ૦ |
| ૭ | વડાલી | ૦ | ૦ |
| **કુલ** | | **૧૨** | **૨૪** કરોડ |

- આમ, **સાબરકાંઠા** જિલ્લામાં કુલ **૧૨** ખાનગી કોલ્ડ સ્ટૉરેજ બાગાયત ખાતાની સહાયથી ઉભા થયેલ છે. તથા **કુલ રૂપિયા ૨૪ કરોડની સહાય** ચુકવવામાં આવેલ છે.

**અગ્રતા – ૧**

**પ્રશ્ન–૨: અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બાગાયત ખાતાની સહાયથી તાલુકાવાર કેટલા કોલ્ડ સ્ટૉરેજ ઉભા થયેલ છે ?**
**અને, મારો બીજો પ્રશ્ન છે કે,**
**તેનાથી તાલુકાવાર કેટલી સંગ્રહ ક્ષમતા ઊભી થઈ?**

**જવાબ :**

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બન્ને પ્રશ્નના જવાબમાં જિલ્લાવાર જણાવુ તો,**

- **અરવલ્લી** જિલ્લામાં તાલુકાવાર જણાવુ તો,

| **ક્રમ** | **તાલુકા** | **ખાનગી કોલ્ડ સ્ટૉરેજની સંખ્યા** | **સંગ્રહ ક્ષમતા (મેટ્રીક ટન)** |
|---|---|---|---|
| ૧ | ધનસુરા | ૧૫ | ૮૭ હજાર |
| ૨ | બાયડ | ૧૩ | ૬૭ હજાર ૫૦૦ |
| ૩ | મોડાસા | ૨૨ | ૧ લાખ ૧૪ હજાર |
| ૪ | માલપુર | ૦ | ૦ |
| ૫ | મેઘરજ | ૦ | ૦ |
| ૬ | ભીલોડા | ૦ | ૦ |

**માન. અધ્યક્ષશ્રી**

- આમ, અરવલ્લી જિલ્લામાં બાગાયતી પાકોના સંગ્રહ માટે બાગાયત ખાતાની સહાયથી કુલ **૫૦** ખાનગી, એક સહકારી તથા એક એપીએમસી મળીને કુલ બાવન કોલ્ડ સ્ટોરેજ ૨ લાખ ૭૮ હજાર ૫૦૦ મેટ્રીક ટનની સંગ્રહક્ષમતા ઉભી થયેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

**સાબરકાંઠા** જિલ્લામાં તાલુકાવાર જણાવુ તો,

| ક્રમ | તાલુકા | ખાનગી કોલ્ડ સ્ટૉરેજની સંખ્યા | સંગ્રહ ક્ષમતા (મેટ્રીક ટન) |
|---|---|---|---|
| ૧ | ઇડર | ૯ | ૪૦ હજાર ૭૫૦ |
| ૨ | તલોદ | ૨૧ | ૧ લાખ ૫ હજાર |
| ૩ | પ્રાંતિજ | ૬ | ૨૭ હજાર ૫૦૦ |
| ૪ | હિંમતનગર | ૧૨ | ૬૦ હજાર |
| ૫ | ખેડબ્રમ્હા | ૧ | ૫ હજાર |
| ૬ | વિજયનગર | ૦ | ૦૦ |
| ૭ | વડાલી | ૦ | ૦ |

**માન. અધ્યક્ષશ્રી**

આમ, સાબરકાંઠા જિલ્લામાં બાગાયતી પાકોના સંગ્રહ માટે બાગાયત ખાતાની સહાયથી કુલ **૪૯** ખાનગી, કોલ્ડ સ્ટૉરેજ ૨ લાખ ૩૮ હજાર ૨૫૦ મેટ્રીક ટનની સંગ્રહક્ષમતા ઉભી થયેલ છે.

**અગ્રતા – ૧**

**પ્રશ્ન–૩ : કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવાની સહાય મેળવવા માટે અરજીની પ્રક્રિયા શું છે ?**

**અને, મારો બીજો પ્રશ્ન છે કે,**

**અને કોલ્ડ સ્ટૉરેજ સ્થાપવા માટે સહાયનું ધોરણ શું છે ?**

જવાબ :

**માન. અધ્યક્ષશ્રી,**

માન. સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં અરજી પ્રક્રિયા જણાવું તો,

- અરજદારશ્રીએ આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવી
- જમીનના દસ્તાવેજી પુરાવા,
- આધાર કાર્ડ,
- બેંક લોન અંગેના પુરાવા,
- પ્રોજેક્ટ રીપોર્ટ અને ક્વોટેશન સહીતની અરજી
- સંબંધિત જિલ્લાની બાગાયત ખાતાની કચેરી ખાતે રજુ કરવાના રહે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો,**

- કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી યોજના હેઠળ કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે સામાન્ય વિસ્તારમાં ૫૦ % તથા આદિજાતિ વિસ્તારોમાં ૭૫ % સુધી વ્યક્તિગત લાભાર્થી અને **સંસ્થાકીય લાભાર્થીઓ જેવાકે, માર્કેટ યાર્ડ, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનને સહાય મળવાપાત્ર થાય છે.**

**માન. અધ્યક્ષશ્રી,**

- **૫૦૦૦ મેટ્રીક ટન સુધી કોલ્ડ સ્ટૉરેજ સ્થાપવા માટેના સહાયનું ધોરણ,**
  - **સામાન્ય વિસ્તારમાં**
    - **વ્યક્તિગત લાભાર્થી માટે**
      - **૨૫૦ ટન થી મોટી ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૨ કરોડ**
      - **૨૫૦ ટન થી નાની ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૨ કરોડ ૫૦ લાખ**
      - **નિયંત્રિત વાતાવરણ વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૫ કરોડ**
    - **સંસ્થાકીય લાભાર્થીઓ જેવાકે,**
    - **માર્કેટ યાર્ડ, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન માટે**
      - **૨૫૦ ટન થી મોટી ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૨ કરોડ ૪૦ લાખ**
      - **૨૫૦ ટન થી નાની ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૩ કરોડ**
      - **નિયંત્રિત વાતાવરણ વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૬ કરોડ**

**માન. અધ્યક્ષશ્રી**

- ○ **આદિજાતિ વિસ્તારમાં**
  - ○ **વ્યક્તિગત લાભાર્થી માટે**
    - ▪ **૨૫૦ ટન થી મોટી ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૨ કરોડ ૬૦ લાખ**
    - ▪ **૨૫૦ ટન થી નાની ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૩ કરોડ ૨૫ લાખ**
    - ▪ **નિયંત્રિત વાતાવરણ વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૬ કરોડ ૫૦ લાખ**
  - ○ **સંસ્થાકીય લાભાર્થીઓ જેવાકે,**
  - ○ **માર્કેટ યાર્ડ, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન માટે**
    - ▪ **૨૫૦ ટન થી મોટી ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૩ કરોડ**
    - ▪ **૨૫૦ ટન થી નાની ચેમ્બર વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૩ કરોડ ૭૫ લાખ**
    - ▪ **નિયંત્રિત વાતાવરણ વાળા કોલ્ડ સ્ટૉરેજ માટે મહત્તમ રૂપિયા ૭ કરોડ ૫૦ લાખ**